ગંદકીની પરાકાષ્ટા - ગાંધીનગર અને ગંદકીને સારો સંબંધ છે. નગરમાં ગંદકી હટાવવાના અનેક અભિયાનો થાય છે. પરંતુ ગંદકી ખસવાનું નામ લેતી નથી. સેક્ટર-૨૧ના શાકમાર્કેટમાં સર્જાતી ગંદકીના દૃશ્યો કમકમાટી ઉપજાવે તેવા છે. સફાઈ તંત્ર જો નગરનું હિત ઈચ્છતું હોય તો આટલી સફાઈ તો જરૂર કરે.... મનપા વાદ-વિવાદ છોડી ગંદકી કરનાર સામે શિક્ષાત્મક પગલાની જોગવાઈ કરે.... (તસવીર : દિપક જાની)

નવાં સેકટરોમાં આગામી ડિસેમ્બર મહીનાથી પાણીનો ફોર્સ વધશે

પાણી વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ પૂર્ણતા તરફ; નિયત સમય કરતાં ૬ મહીના વધુ લાગશે

ગાંધીનગર, તા.૧૭

શહેરના નવ વિકસિત વિસ્તારમાં પાણીની પોકારને નાથવા તંત્ર દ્વારા પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ કરવાનું કામ હાલ પૂરજોશમાં ચાલી રહ્યું છે. વનવિભાગના અવરોધના અંતે પાણી વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજનાનું કામ નિયત સમયમાં પૂર્ણ થઈ શકયું નથી, જયારે આગામી ડિસેમ્બરમાં નવી વિતરણ વ્યવસ્થા મુજબ, નવા સેકટરોમાં ફોર્સથી પાણી મળી રહેશે તેમ પણ સૂત્રોએ જણાવ્યું છે.

શહેરમાં સાડા ચાર દાયકાના અંતે પણ સેકટરોમાં પાણીની પોકાર કાને અથડાય છે. નગરની વસ્તી અને વિકાસને ધ્યાને લેતા વર્ષો જૂની પાણી વિતરણ વ્યવસ્થા હાલના સંજોગોમાં બિનઅસરકારક હોવાનો પરચો તંત્રને આકરા ઉનાળે મળે છે. આ સઘળી સ્થિતિને ધ્યાને લઈ શહેરના સે-૧ થી ૧૩માં પાણી વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ કરવા અંદાજિત રૂ. ૧૮ કરોડના ખર્ચે સે-૫-ડીમાં નવીન પાણીની ટાંકી તેમજ સમગ્ર પાઈપલાઈનનું કામ હાથ ધરવામાં આવ્યું છે. કામગીરી દરમિયાન વનવિભાગ સંબંધિત પ્રશ્નો ઉદભવતા પાણી વ્યવસ્થા અપગ્રેડ કરવાની યોજનાનું કામ વિલંબમાં પડયું છે. જેથી નિયત સમય મર્યાદા કરતા આ કામગીરી પૂર્ણ થતા ૬ મહીનાનો વધુ સમય જશે. સૂત્રોના જણાવ્યા અનુસાર સેકટર-૫માં પાણીની નવીન ટાંકીનું કામ પણ આગામી બે મહિનામાં પૂર્ણ થઈ જશે જયારે પાઈપલાઈનનું કામ પણ પૂર્ણતાના આરે છે. અલબત્ત પાણીની લાઈનસંદર્ભે આગામી દિવસોમાં 'જોઈન્ટ' કરવાનું કામ હાથ ધરાશે. આમ છતાં આ સઘળી કામગીરી પૂર્ણ થતા હજુ ત્રણ મહીના જેટલો સમય લાગે તેમ છે. શહેરના નવા સેકટરમાં આગામી ડીસેમ્બર મહીનાથી નવી વિતરણ વ્યવસ્થા મુજબ પાણીનો સપ્લાય પુરો પાડવામાં આવે તેવી સંભાવના છે. અલબત્ત ડિસેમ્બર મહીનાથી નવ વિકસિત વિસ્તારમાં પાણીનો ફોર્સ વધશે.

જિલ્લામાં ત્રણ પી.આઈ.ની આંતરિક બદલીનો આદેશ

ગાંધીનગર, તા.૧૭

જિલ્લામાં ફરજ બજાવતા ત્રણ પોલીસ ઈન્સ્પેકટરોની આંતરિક બદલી કરવામાં આવી છે. અગાઉ પણ ૧૩ જેટલા પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલી કરવામાં આવી હતી. જિલ્લા પોલીસ વડાએ ત્રણ પોલીસ ઈન્સ્પેકટરોની બદલીનો આદેશ કર્યો છે. જેમાં અડાલજના પોલીસ ઈન્સ્પેકટર તરીકે એચ.જી. પરમારને ફરજ સોંપવામાં આવી છે. જયારે અડાલજ પી.આઈ. એ.એમ. પરમારની બદલી કરી એલઆઈબીમાં મુકાયા છે. એલ.આઈ.બી. પી.આઈ. પી.ટી. બોદરને સે-૭ પોલીસ સ્ટેશનમાં સેક્ન્ડ પી.આઈ. તરીકે ફરજ સોંપવામાં આવી છે.

Teacher's required : Walk in

- Date : 19-8-2012, Sunday
- Time : 10 am to 1 pm
- Venue : Balaram Parisar, Nr. Umiya Temple, Sector-12, Gandhinagar

For an International School in Sabarkantha, decicated and hardworing teachers with proficiency of English are required.

Positions : Vice Principal, Coordinators, Teachers of all Subjects (English Medium : Nursery to Std. VIII) Including Drawing, Sports & Music.

Notes : Campus accommodation with food can be given to selected few candidates. Transportation facilities can be made available to selected candidates. Candidates unable to attend the interview should send their bio-data on **uniqueyouis@gamil.com.** For more details pl. **call : 98258 47891**

જિલ્લા પંચાયતમાં લિફ્ટ મૂકવા બાંધકામ સમિતિનો નિર્ણય

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લા પંચાયતની કચેરીમાં લિફ્ટ મુકવા અંગેનો મહત્વનો નિર્ણય બાંધકામ સમિતિની મળેલી બેઠકમાં લેવામાં આવ્યો છે.

બાંધકામ સમિતિના ચેરમેન શ્રી અજીતસિંહ રાઠોડના જણાવ્યાનુસાર માર્ગ-મકાન વિભાગ, સમાજકલ્યાણ અને શિક્ષણ વિભાગ જેવા મહત્વના વિભાગો ત્રીજા માળે આવેલા છે અને આ વિભાગોમાં અશક્ત, વિકલાંગ મુલાકાતીઓની સંખ્યાને ધ્યાને રાખી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

આ જ બેઠકમાં સાદરાના પૌરાણિક પ્રાચીન મંદિર જક્ષણી માતાની બાજુમાંથી પસાર થતી

● અનુસંધાન પાન-૭ પર

કલોલમાં 'ગાંધીનગર સમાચાર'ના શુભારંભે
શુભેચ્છા સહ...

કમળા અમૃત
બિલ્ડર્સ & લેન્ડ ડેવલોપર્સ
રાજેશ એ. પટેલ
કીર્તિ આઈ. પટેલ
ઓફિસ : ૧-૨-૩-૪-૫, શુભ કોમ્પલેક્ષ, હાઇવે, કલોલ
ફોન : (૦૨૭૬૪) ૨૨૨૩૬૬
ફેક્સ : (૦૨૭૬૪) ૨૨૨૩૬૬
Email : kamlaamrut@gmail.com

Solitaire Immigration
Student Visa
Visitor Visa
Business Visa
Dependent Visa
Permanent Residency (PR)
Ph. 079 40082424

Solitaire Travel Club
Ph. 079 40082424

કલોલમાં 'ગાંધીનગર સમાચાર'ના શુભારંભે
શુભેચ્છા સહ...
ઘનશ્યામ પટેલ
જયેન્દ્ર પટેલ
તેજેન્દ્ર પટેલ
શ્રીજી ઈન્ટીરીયર
હાર્ડવેર ખજાના
F/૪-૫, સિટી મોલ, નવજીવન મિલ કમ્પાઉન્ડ, કલોલ
મો. ૯૮૨૪૩ ૯૬૯૬૧
Email : shrijiinterior@yahoo.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
BIRLA TYRES

ગાંધીનગર જિલ્લાનું પ્રાણવાન દૈનિક
ગાંધીનગર સમાચાર
પી. આર. એડ એજન્સી

કલોલમાં 'ગાંધીનગર સમાચાર'ના શુભારંભે
શુભેચ્છા સહ...
BJP
ગોવિંદભાઈ જે પટેલ
મહામંત્રી
ગાંધીનગર જિલ્લા ભાજપ
મો. : ૯૪૨૬૦ ૫૬૦૯૭
મો. : ૯૮૭૯૩ ૪૫૭૬૭
ગજાનંદ ફ્લેટની નીચે, અંકિત વિદ્યાલયની સામે, અંબિકા નગર, હાઇવે, કલોલ

કલોલમાં 'ગાંધીનગર સમાચાર'ના શુભારંભે
શુભેચ્છા સહ...
રમેશભાઈ મોકારીયા
પ્રવીણ પરમાર
Quick,
Prompt
& Reliable Service...
...all over India
SHREE MARUTI COURIER SERVICE PVT. LTD.
An ISO 9001 : 2008 Certified Company
DOMESTIC & INTERNATIONAL
જીગર એન્ટરપ્રાઈઝ
SBSની નીચે, મેમન માર્કેટ, સ્ટેશન રોડ, કલોલ. ફોન : (૦૨૭૬૪) ૨૨૩૮૪૬
બીજી શાખા : અંબિકા શોપીંગ સેન્ટર, અંબિકા બસ સ્ટેન્ડ સામે
ફોન : (૦૨૭૬૪) ૨૫૦૨૦૯

SANGHI CEMENT
KISAN
BENELAVE
H.FIXIT
TMT BARS - ISI
TATA
STEEL • PIPES • SHEETS
SANGHI STEEL - ISI
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com